પ્રાપ્તિસ્થાન–

૧ સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે,
પાલીતાણા.

૨ સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના રતનપોળ સામે,
અમદાવાદ.

૩ સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી,
૧ લે માળે,
મુંબઈ–૨.

મૂલ્ય : ૧–૫૦

પ્રકાશક :
To. રતિલાલ અમૃતલાલ વકીલ
C/o. શાહ ગનિલાલ પુનમચંદ
નાગજીના બાપાગે
કે બજારમાં ન્યુગઢીવટના નાકે,
પાટણ. (ઉ. ગુ.)

મુદ્રક :
હસમુખ જે. ગોઠ
ન્યુ પ્રીન્ટીંગ પ્રેસ,
ન્યુ માર્કેટ,
સુરેન્દ્રનગર.

જયન્તુ વિતરાગા

પ્રવેશક

સાપેક્ષવાદ એ જીવનના ચમકતા ચાંદ છે અને એ ચાંદામામાના અજવાળા આત્મા પરના થરોના અજ્ઞાનના અંધારા અલોપ થઇ જાય, જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકારનો નાશ છે પ્રકાશ પ્રાપ્તિ અને અંધકારનો નાશ એક દોરે નાચી રહ્યા છે


વિશ્વના સર્વ દર્શનોમાં પ્રવેશ કરવા માટે અથવા તત્વજ્ઞાનના તાળા ખોલવા માટે સાપેક્ષવાદ એ ચાવી છે અનેકાન્તવાદ એ કૂંચી છે

આજે એક બીજા ધર્મને એક બીજા કુટુંબને એક બીજા દેશને, એક બીજા પ્રાંતને અંદરો અંદર [illegible] કલહ [illegible] મચાવી રહ્યા છે તેના મૂળમાં એક બીજા એક બીજાના દૃષ્ટિબિંદુને સમજતા નથી, આ દૃષ્ટિબિંદુ સમજવા માટે જૈન દર્શન, વિશ્વ દર્શનોને વિશ્વ સમસ્યાઓને અને વિશ્વ વૈજ્ઞાનિકોને સાદ કરે છે કે આવો! સાપેક્ષ સમજો

વર્તમાનમાં આપણું જીવન અનેક રીતે કડવું બન્યું છે અનેક રીતે મુંઝવણભર્યું છે એક એક સમસ્યાઓ આપણને ઊંઘના કોયડા જેમ હોવી જાય છે તે બધી સમસ્યાઓ માટે ઉકેલ લાવવાના રામબાણ કરવાની જેમ સાપેક્ષવાદ એ ઔષધ છે

જૈન શાસનમાં સાત નય, સપ્તભંગી, પાંચકારણ સમવાય અને નિક્ષેપ ધર્મ સાપેક્ષ દૃષ્ટિ, પુરુષાર્થી બનવાના ઉપાયો વિગેરે આવા અનેક વિષયો છે એ વિષયોમાંથી કેટલાક વિષયો આ પુસ્તકમાં રજુ કરવામાં આવ્યા છે

જૈનશાસનના એક એક પ્રાણો સ્વાર્થવૃત્તિ રાગદ્વેષવૃત્તિ ભેદ વૃત્તિના ઉન્મૂલન માટે છે એ દૃષ્ટિબિંદુ આ પુસ્તક આપશે....



મન ના સૂર

સાપેક્ષવાદનું વિજ્ઞાન એ જૈનશાસનની પ્રતિભા જેવુ છે એ પરિપ્લતકને જે કોઈ પરિહાસ કરે એ પરપરીવાદ નિંદાને પાત્ર બને છે


આ પુસ્તકની નિપજ જૈનશાસનના અનુરાગથી જ થી છે એટલુ જ નહિ. તટસ્થતાથી કહીએ તો સાચી વસ્તુનુ સર્વગ્રાહીપણુ તેનાથી આવે છે

સાપેક્ષ વિજ્ઞાન સમજ્યા વગર જીવનમા સમાધિભાવ કે હૃદય પ્રસન્ન બનતુ નથી શકાના આતરામા એ ડુબી મરે છે સાપેક્ષ સમજે તેનામા સાચુ આ માનુ મર્મગ્રાહીપણું આવે છે જેના દ્વારા આત્મા કષાયના પરિતાપથી મુકત થાય છે

આ વસ્તુ આપણે સૌ કોઇ સમજી સાચા ભાવથી હૃદયને રોશન કરીએ, એજ એક અભ્યર્થના પ્રાન્તે આમા જે કાંઈ સારૂ છ એ સર્વ કોઈનું છે અને જે કાંઇ ખોટુ છે એ મારૂ મતિદોષપણુ છે સુજ્ઞજનો રાજહંસની જેમ ક્ષીર, નીર, ન્યાયે વસ્તુસ મજીપુ ૦ રનાજન બને. આ પુસ્તકની અદર જિન શાસનની વિરૂધ્ધ લખાયેલુ હોય તેનું અત ક ર ણ પૂર્વક મિચ્છામિ દુક્કડમ્ આપીએ છીએ વિશેષ પુસ્તકના પ્રારંભે કહેશે

શુદ્ધિ પત્રક

પાનું	પેરે૦	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૩	૮	આકૃતિ	આશ્રિત
૧૯	૪	૫	રાઇટ મારામાં નથી	રાઇટ મારામાં છે
૨૨	૪	૪	પખતમા	વખતમાં
૨૪	૩	૫	હૈયા	હેય
૨૫	૧	૪	દ્વાર	દ્વારા
૨૭	૧	૧	પુદ્દડીવાદ	રૂદ્દડીવાદ
૨૭	૩	૧	વૈશેલિક	વૈશેપિક
૪૦	૫	૪	સ્વાદવાળોન	સ્વાદવાળા
૪૦	છેલ્લી	છેલ્લી	આવી શકતું	આવી શકતુ નથી
૪૧	૧	૨	સાંખ્ય દર્શન	સાંખ્ય દર્શન
૪૯	૩	૩	હોલવાઇ	ઓલવાઇ
૬૦	૩	૧	શ્રોમઅઓ	શ્રોમમ
૬૬	૬	૨	મમને	મર્મને
૬૭	૮	૫	પર્યાસને	પર્યાયને
૬૮	૫	૨	તેને માનુ છું	તેને હું માનુ નહી
૭૦	૧	૨	આપેક્ષા	અપેક્ષા
૭૭	૦	૧	મુછ	મૂછ
૮૫	૩	૧	ચાકન	ચાકર



પ્રકરણ પહેલું

નિસર્ગ અને વિશ્વના મહામૂલા સાપેક્ષ સત્યોને સમજવા તે જ જ્ઞાનની સાચી માન અવસ્થા છે જે સાપેક્ષ સત્યને સમજે છે વિચારે છે અને જે વસ્તુ જ્યારે જે ઘટતી હોય, ત્યારે તે વસ્તુ યથા યોગ્ય ઘટાવી જીવનમા ઉતારે છે તે ભવને પાર પામે છે

વસ્તુને વસ્તુ સ્વરૂપે જોવામા સાપેક્ષવાદ આરિસો છે, આરિસામા આપણે આપણુ પ્રતિબિંબ જોઈ શકીએ છીએ તેમ સાપેક્ષવાદમા વિશ્વ પ્રકૃતિને વ્યવસ્થિત રીતે જોઈ શકીએ છીએ...

જૈન શાસન તો પ્રત્યેક વસ્તુ સંખ્યાત, અસંખ્યાત, રીતે વધી થઈ છે તેમ માને છે પરંતુ સર્વ

લોકોને સારી રીતે સમજાય તે માટે જૈન શાસને સપ્તભંગી, અને સપ્તનયનું જ્ઞાન સુંદર રીતે પ્રતિપાદન કરેલું છે....**જૈન શાસનના સાપેક્ષવાદ આગળ આઇનસ્ટાઇનનો સાપેક્ષવાદ એ તો તણખલા સમાન છે.**

સાગરમાં જેમ તણખલું તરી ઊઠે છે, તેવી રીતે આઇનસ્ટાઇનનો સાપેક્ષવાદ જૈન શાસનના સાગરમાં તરતો દેખાય છે. અરે જૈન શાસનની પાસે તે તરવાનુ શીખ્યો છે.

જીવનની અનેક સમસ્યાઓનો ઉકેલ આપનાર સાપેક્ષવાદ છે, સાપેક્ષવાદ કહો અનેકાંતવાદ કહો, કે સ્યાદવાદ કહો આ તેના પર્યાયવાચી નામ છે. સત્યને વ્યક્ત રીતે બતાવનાર સાપેક્ષવાદ છે....

સાપેક્ષવાદની સહુથી મોટામાં મોટી સિધ્ધિ એ છે કે. સાપેક્ષવાદ નિર્વાણપદની યાત્રા કરાવી આપે છે, સાપેક્ષવાદ એ સંસારનું ઉન્મૂલન કરી શકે છે.

જે વસ્તુ પર રાગ થતો હોય તેને સાપેક્ષવાદ કહે છે. તેનું પૂર્વ અને પછીનું સ્વરૂપ જો, તારી મોહદશા વિસરાઈ જશે. જે વસ્તુ પર દ્વેષ થતો હોય; તેનું પણ પૂર્વ અને પછીનું સ્વરૂપ જો. તારો દ્વેષ ખત્મ થશે.

વસ્તુમાં અનંત ધર્મની ખાસિયતો પડી છે. આજે જે વસ્તુ જે સ્વરૂપે દેખાય છે તે તો તેનો પર્યાય છે.

તારૂ શરીર, તારી ઇન્દ્રિય, તારા બૈરા છોકરા, તારા પૈસા, તારી મિલકતમા જે તે મારાપણાનુ લેબલ લગાડયું છે પરંતુ તે તુ નથી અને તુ તે નથી માટે અહમ્‌નુ લેબલ કાઢી સોહમ્‌નો જાપ કરી, નાહમ્‌ની અવસ્થા પામી, અર્હમ્ બન

જે વસ્તુ ખાતર તને કષાય થાય છે તે માટે ઉપરનો કિમિયો અજમાવ તારા કષાયો ઓસરી જશે

સાપેક્ષ સત્યને સમજી 'ભઈલા તુ જકારથી વાત કરતો ની, કિંતુ પણથી બોલતા શીખજે ' કેમકે, પણથી બોલતા આત્માનુ જ્ઞાન વિશાળ બની જશે અને જથી બોલતા સકુંચાઈ જશે

સ્યાદ્‌વાદનુ જ્ઞાન કરતા પહેલાં સૂક્ષ્મ બુદ્ધિ, માધ્યસ્થ વૃત્તિ, દુરાગ્રહનો ત્યાગ, જાણવાની બુધ્ધિ આ ચાર જેનામા હોય તે સ્યાદ્‌વાદ પામવાને યોગ્ય છે

કદાગ્રહના હિસાબે કે રાગદ્વેષના હિસાબે, જેને જે ગમે તે અશ લે તે સ્યાદ્‌વાદ નથી પણ ફુદડીવાદ છે પરંતુ જે વસ્તુનો જે હોય, જે કાળે અને જે ભાવે જે અશ લઈ શકતો હોય તે સ્વરૂપને તે સ્વરૂપે કહેવો તેનું નામ સ્યાદ્‌વાદ છે

સોનુ સોનાના સ્વરૂપે એક છે, પરંતુ માલિકી તરીકે સોનું ચંપાબાઈનું, પેથાભાઈનું, ગૌરીકુમારનું અજય કુમારનું જગદીશભાઈનું, જુદું જુદું બને છે ..

નવસારી એ મુંબઈથી નજીક છે, પરંતુ મારવાડની દૃષ્ટિએ નવસારી દૂર પણ છે. પૂનાની દૃષ્ટિએ મુંબઈ નજીક છે; પરંતુ કલકત્તાની દૃષ્ટિએ દૂર છે.

દૂધમાં ઘી છે, પરંતુ પ્રત્યક્ષ સ્વરૂપે દૂધમાં ઘી નથી. વિષ્ટા આમ તો ખરાબ છે, પરંતુ નિમિત્ત શાસ્ત્રની દૃષ્ટિએ વિષ્ટા ગમન કરતા સામે મલે તો શુકન પણ ગણાય છે.

વિષ્ટાઓ રોગચાળો કરનારી છે જો ઘરની આજુબાજુમાં ચોવીશે કલાક રહેતી હોય તો; પરંતુ તે વિષ્ટા ખાતરમાં નાખવાથી અનાજની ઉત્પત્તિ સારી પણ થાય છે....

અનાજ વિના જેમ ટકાય નહી. તે જેમ સાચુ છે, તે જ પ્રમાણે અનાજ વિના ટકી શકાય છે તે પણ સાચું છે. સિધ્ધ પરમાત્મા અનાજ વિના રહ્યા છે.

અનાજથી જેમ જીવાય તેમ સાચું છે, તેમ વધુ અનાજ ખવાથી મરાય તે પણ સાચું છે. અનાજ વિના જેમ જીવા શકાય નહી, તે જેમ સાચુ છે. તે જ પ્રમાણે અગ્નિ વિના પણ જીવી શકાય નહી તે પણ સાચું છે.... અને અગ્નિ વિના જીવી શકાય તે પણ સાચું છે. સાધુ મહારાજ અગ્નિ વિના પણ જીવી શકે છે....

એક માણસ પુત્રની અપેક્ષાએ પિતા છે, પત્નિની અપેક્ષાએ પતિ છે, ભત્રિજાની અપેક્ષાએ કાકા છે, ભાણેજની અપેક્ષાએ મામા છે, ભીજી રીતે મામા પણ છે, ફુવા પણ

છે, દાદા પણ છે, વિદ્યાર્થીની અપેક્ષાએ શિક્ષક પણ છે, ગુમાસ્તાની અપેક્ષાએ શેઠ પણ છે આમ અનેક ધર્મ એક વસ્તુમાં રહી શકે છે

એક બંગલો પા માઈલના વિસ્તારવાળો છે, પરંતુ ગામની અપેક્ષાએ તે બંગલો ઘણો નાનો છે અને શહેરની અપેક્ષાએ તે ગામ નાનું છે પ્રાંતની અપેક્ષાએ શહેર નાનું છે, દેશની અપેક્ષાએ પ્રાંત નાનો છે, વિશ્વની અપેક્ષાએ દેશ નાનો છે, આમ જ્યાં નાનું રહે છે ત્યાં મોટું પણ રહી શકે છે

હંમેશા દરેક વસ્તુમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ રહેલા છે, સર્વ સામાન્ય ઘોડામાં એક એવો વિશેષ ધર્મ છે તે ભેંસ, હાથી, બકરા આદિથી જુદો તારવી શકાય છે જેમ ઘોડામાં સામાન્ય ધર્મ છે તેમ ઘોડામાં વિશેષ ધર્મ પણ રહ્યો હોય છે અમુક વ્યક્તિ પોતાનો ઘોડો જે ઓળખી શકે છે તે વિશેષ ધર્મને ઓળખી જેમ હજારો ગાયમાંથી વાછરડું પોતાની માતાને ઓળખી શકે છે

આગળીનું ટેરવું એ આંગળી ન કહેવાય, તેમ આગળી નથી તેમ પણ ન કહેવાય

ત્રણ લીટી એક એક લીટી કરતાં મોટી દોરો, તેમાં બીજી લીટી પહેલી લીટી કરતા મોટી છે અને ત્રીજી લીટી કરતા નાની પણ છે આમ સાપેક્ષવાદથી વિરૂદ્ધ ધર્મ ઘટી શકે

છે. તેમ આત્મામાં સાપેક્ષવાદથી નિત્યા-નિત્ય ધર્મ ઘટી શકે છે.

હિતેન્દ્ર દેસાઈનો ગુજરાતની અપેક્ષાએ દરજ્જો સહુથી મોટો ગણાય, તેમ કેન્દ્ર સરકારના વડા પ્રધાનની દૃષ્ટિએ નાનો પણ ગણાય છે

મુંબઈ લાલબાગથી ભૂલેશ્વર થઈ વરઘોડો નીકળ્યો! ઝવેરી બજારમાં આવ્યો ત્યારે લોક કહે છે કે વરઘોડો આવ્યો, એ વાત જેમ સાચી છે. તેમ ભૂલેશ્વરવાળા કહે છે કે વરઘોડો ગયો તે વાત પણ સાચી છે.

જૈન શાસન સ્યાદ્‌વાદને સમજવા માટે નય પીરસે છે એકનું નામ દ્રવ્યાર્થિક નય, બીજાનુ નામ પર્યાયાર્થિક નય. આત્મા નિત્ય છે એ દ્રવ્યાર્થિક નયના હિસાબે અને આત્મા અનિત્ય છે તે પર્યાયાર્થિક નયના હિસાબે.

જૈન શાસને આત્માને નિત્યાનિત્ય માન્યો છે. કેટલાક કહે છે કે નિત્ય હોય તો કર્મ લાગે નહી, પરતુ છત્રી ડાઘ પાડવાથી જેમ તૂટી જતી નથી તેમ આત્મા ઉપર કર્મના ડાઘ પડવાથી આત્માનો કાંઈ નાશ થતો નથી. જરૂર કર્મથી આત્માનું સ્વરૂપ આવરાય. જેમ સૂર્યને વાદળા ઢાંકી દે તો તે તેના કિરણ બરાબર ફેલાવી શકતો નથી.


આત્માને કર્મ લાગ્યા તેથી તેની અવસ્થા ભાંગી જતી નથી આત્મા મૂળ સ્વરૂપે શુદ્ધ છે. એકલો ગોળ કફનો હેતુ

બને છે અને એકની સૂક્ષ્મ ચિત્તનો હેતુ બને છે, પરંતુ બે ા સિદ્ધાન્તથી તે દોષ વિનાની બને છે તેમ આત્માને એકાન્ત નિત્ય માનીએ તો જન્મ મરણ ઘટે નહીં, અને આત્મને એકાન્તે અનિત્ય માનીએ તો પરલોક જેવી વસ્તુ ઘટે નહીં માટે જૈન શાસનનો નિત્યાનિત્ય વાદ સ્વીકારીએ તો બધું સમાધાન શક્ય છે કોઈ પણ વસ્તુને એક અંશ કે એક અંગથી જોવાથી તેની માહિતી થતી નથી, પરંતુ તેના સઘળા અંશ અને અંગ જોવાથી સાચી માહિતી મળે છે

દરેક દર્શનકારો અને દરેક નયો એ જૈન શાસન રૂપી આલિશાન બંગલાની ઇંટ છે પરંતુ જેમ મકાનની ઈંટ મકાનથી જુદી નથી, તેમ એક નયની અપેક્ષાએ તે નય સાચા પણ છે, જૈન શાસનની પાસે નયની વિશાળ દ્રષ્ટિ છે તેથી તે કદાગ્રહથી મુક્ત બને છે..

એક જણ પાસે એકદમ ઠંડું પાણી હતું અને પછી તેને થોડું ગરમ પાણી આપ્યું અને પૂછ્યું પાણી કેવું છે તો ગરમ કહે છે, અને બીજા માણસની પાસે ખૂબ ગરમ પાણી હતું તેને થોડું ગરમ પાણી આપ્યું પાણી કેવું છે તો જવાબ આપ્યો કે પાણી ઠંડુ છે આમ તે તેની અપેક્ષાએ બન્ને સાચા છે





સાપેક્ષ દૃષ્ટિ

પ્રકરણ : બીજું

સાપેક્ષવાદ જગતના પદાર્થોમાંથી, જગતના જીવન વ્યવહારમાંથી, જગતના ભાષા પ્રયોગોમાંથી કાચી સામગ્રીને પાકી બનાવે છે, ખામીઓ દૂર કરીને ખૂબીઓ શિખવાડે છે, હેવાનીયતતાને ત્યજાવીને ઇન્સાનીયતતા મેળવી આપે છે, અંધકારના વાતાવરણમાં પ્રકાશની સર્ચલાઈટ ફેંકે છે, અસત્યની અટવીમાંથી સત્યના રાજમાર્ગે પહોંચાડે છે.

સુખ અને દુઃખ સાપેક્ષ છે, જાડા અને પાતળાપણું સાપેક્ષ છે, ઊંચાઇ અને નીંચાઇ સાપેક્ષ છે, લંબાઇ અને પહોળાઈ સાપેક્ષ છે વિવેક અને વર્તન સાપેક્ષ છે, ભાવના અને વાસના સાપેક્ષ છે, પતિ અને પત્નિપણું સાપેક્ષ છે, અરે દુનિયાના દરેક પદાર્થો દરેક ગુણો અને દરેક ભાવો પણ સાપેક્ષ છે.

બર્નાર્ડ શૉને એક જાડા માણસે પૂછ્યું, મિસ્ટર શૉ તમે આટલા પાતળા કેમ? બર્નાર્ડ શૉએ તરત પ્રત્યુત્તર આપ્યો, 'તમે જાડા છો કેમ કે, તમારી જાડાઈની અપેક્ષાએ હું પાતળો છું બાકી તો માખી મચ્છર ઉંદર આદિ અનેક જીવ જંતુથી હું જાડો છું, જગતમાં જાડાઈ જેવી વસ્તુ ન હોત તો મને પાતળો કોણ કહેત?

એક ને એક શત્રુંજય ગિરિરાજના ગિરિરાજના હડે ઉભેલા માણસના અધ્યવસાયમાં અસંખ્યાત ઘણો ફેર હોય છે, ચઢનારની ભાવના દાદાને ભેટવાની છે અને ઉતરનારની ભાવના કાચ તળેટીના લાડુ અને ગાંઠીયા ખાવાની પણ હોઈ શકે છે

સાપેક્ષ દૃષ્ટિ કહે છે કે, અગ્નિ હવા વિના જીવી પણ ન શકે, તેમ વધુ હવા હોય તો અગ્નિ ઓલવાઈ જાય

ઘી બળ આપનાર પણ સો વાર ફીણીને લીધેલું મારનાર બને છે

દરિયામાં પાટીયું તારનારૂં પણ આગળ બાંધ્યું હોય તો, પરંતુ પાછળ બાંધ્યુ હોય તો ડૂબાડનારૂં બને છે

અગ્નિ રસોઈ પકાવીને જીવાડે છે પરંતુ એજ અગ્નિ આગમાં પરિણમે તો તમને પણ ખતમ કરી નાખે

મદારીનો સર્પ જીવાડવામાં સહાયક પરંતુ સામાન્ય તો સર્પનું ઝેર મારનારૂં છે

વૈદ્યના હાથમાં ઝેર આવે તો જીવાડે, પરંતુ અણુ સમજુના હાથમાં આવે તો તે ઝેર મારનારૂં બને છે.

દૂધપાક પુષ્ટિ કરનારો, પરંતુ ઝાડા થયા હોય તેને ટટી વધારનારો બને છે.

એક રૂપિયો આમ મામૂલી ગણાય પરંતુ; એક નયે પૈસાની અપેક્ષાએ સો ઘણો કિંમતિ ગણાય છે.

સાપેક્ષવાદ બુધ્ધિના ચોકઠામાંથી ગયો તેથી આજ સંસાર દુઃખી દુઃખી થઈ ગયો છે "ત્રાહી મામ્ ત્રા મામ્" પોકારી રહ્યો છે. આજે લોકનું એકાંત વાદ પૂછડાથી માથું ધોમ થઈ ગયું છે, હાથ હેન્ડ થઇ ગ છે, અને દિલ હાર્ટ થઇ ગયા છે.

માણસ વિચારે તો જન્મ્યો ત્યારે કંઈ હતું નહી, આવડતું ન હતું, કંઇ ગતાગમ ન હતી, આજે લોકની વ સમજી શકે છે મઝેથી રોટલો ખાઈ શકે છે, પોતાની દૈ લગભગ બધી ક્રિયાઓ જાતે કરી શકે છે? તેથી તે આપનિ-દીન શેનો બને?

કંઈક સામગ્રી પુન્ય યોગે મળે તો વિચાર કે મારા આત્મામાં અનંતી શક્તિના ભંડાર ભરેલા છે, હજી કંઇ પામ્યો નથી.

આજે માણસની પાસે ઘણું ઘણું છે, છતાં તે નિર્વા-સિત બની ગયો છે. પરિણામે તે પોતાના દુઃખ જોયા કરે

છે, જો એ બીજાના દુઃખ જુવે, બીજાના આંસુ જુવે, તો જરૂર તે પોતાના આંસુ લૂઈ શકે છે

આજે ચાર પાંચ હજારનો મકાન માલિક લાખોપતિના બંગલા જુવે તો કચવાય છે પરંતુ ગરીબનું ઝુંપડું જુવે તો જરૂર તેને લાગે છે મારી પાસે ઘણું છે

સાપેક્ષવાદ સમજનાર પાસે ભિખારી આવે તો તે પોતાની સામગ્રી ઘટી માની કંઈનું કંઈ આપી શકે છે ! તે સમજે છે મારૂં શ્રીમંતપણું એ પર્યાય છે, અને પર્યાયમાં મુંઝાવું તો મારૂં ભૂલીને બારદાનમાં મુંઝાયો કહેવાય ભિખારીને જોઈને વિચારી શકે છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિએ આ ભિખારીનો આત્મા ગુણોથી અખૂટ અખૂટ શ્રીમંત છે જો શ્રીમંતનું સ્વાગત ન કરૂં તો મારૂં શ્રીમંતપણું લજવાય

સાપેક્ષવાદવાળો સમજે છે કે સુખ વહેંચવાથી વધે છે, સંઘ વાર્યો સરે છે, જ્ઞાન દેવાથી જ્ઞાન વધે છે તેમ સુખ વહેંચવાથી સુખ વધે છે

કરોડ રૂપિયા સંઘરવાથી તેને સાચવવાની પીડા ઉત્પન્ન થાય છે, અને વહેંચવાથી તે પીડા રહેતી નથી, પૈસાનું ધીરાણ કરવાથી જેમ તેનું વ્યાજ મળે છે, તેમ સુખનું ધીરાણ કરવાથી અનેક ઘણું સુખ મળે છે, સો બીજમાંથી લાખો કરોડો દાણા થાય છે તે રીતે સુખના ધીરાણ રૂપી બીજમાંથી લાખો કરોડો ઘણું સુખ મળે છે

જૈન શાસન તો કહે છે કે તમારા પચીસ હજાર રૂપિયા રહેવાનું પુન્ય હોય અને પચીસ હજારનું દાન કરો તો પાછા આવી જાય, અને રાખી મૂકો તો પણ પચાસ હજાર ન થાય, વાળ કાપો, નખ કાપો, તો પાછા વધે અને ન કાપો તો વિશેષ વધતા નથી.

ઈચ્છા એ દુઃખ છે, અને ઈચ્છાની પૂર્તિ દુઃખનું નિવારણ છે, પણ સુખ નથી માટે ઈચ્છા કરવી હોય તો ઈચ્છા ન થાય તેવી ઈચ્છા કરો.

દરેક મનુષ્યની ફરિયાદ કંઇ ને કંઈ હોય છે, મેન્ટલ વીક પોઈન્ટ હોય છે, જેમ કે બૈરી ડાકણ જેવી મળી છે છોકરાઓ નઠોર પાકયા છે, છોકરીને કોઢ રોગ છે! સ્વાસ્થ્ય બીલકુલ સારૂં રહેતું નથી પરંતુ વિચાર કરે કે જે આંખ નથી મળી તેની અપેક્ષાએ મને કરોડો રૂપિયા આંખ મળી છે. લોકોને એક ટંક રોટલો ખાવા નથી, ત્યારે મને પેટ પૂરતો રોટલો મળે છે ખરેખર બીજી ઇચ્છાઓ થતાં માણસને મળેલા સુખો મરી જાય છે.

આજે સોએ નવાણું ટકા ડયુઅલ કેરેકટર એટલે કે સોએ નવાણું ટકા લોકો દુ:ખી આંતર સંઘર્ષથી છે.

મા દવા પેટમાં નાખવા માટે મુખ બંધ કરેલા બાળકનું નાક દાબે છે તેથી મુખ ઉઘડી જાય છે! ત્યારે દવા પેટમાં જાય છે. બસ તે રીતે મન રૂપી બાળકનું

ગ્રન્થરૂપી મુખ ખોલવા માટે! આત્મારૂપી માએ સ્યાદવાદ જરા નાક દાબવુ જોઇએ જેથી જિન વચન રૂપી દવા તુરત પેસી જાય છે

આત્મા મૂળ સ્વરૂપે અનંત જ્ઞાન દર્શન ચારિત્રવાળો છે, તેમ વર્તમાન અપેક્ષાએ રાગ દ્વેષ વાળો છે, પર્યાયની અપેક્ષાએ વર્તમાન પર્યાય આપણો મનુષ્યપણુ છે પુદ્ગલ ગુણની અપેક્ષાએ વર્ણ ગંધ રસ સ્પર્શ ગુરુતા લઘુતા આદિ છે અમુક અપેક્ષાએ અમુકની માલિકી અમુક આકૃતિ અમુક જાત વાળુ અને અમુક ભાતવાળુ અમુક સ્થાનવાળુ, અમુક કામ વાળુ વિગેરે છે આકાશ ગુણની અપેક્ષાએ અવગાહન આપવા વાળુ છે પર્યાયની અપેક્ષાએ ઘટાકાશ મઠાકાશ, નગરાકાશ, કબાટાકાશ આદિ અનેક દ્રવ્યની આકૃતિ પ્રમાણે આકાશ વાળુ છે આમ દરેક દ્રવ્યની પર્યાયની અપેક્ષાએ ભિન્ન ભિન્ન અવસ્થા હોઈ શકે છે

રેશમમા રેશમમયતા રહેલી છે, પરંતુ સૂતરમયતા ટેરેલીનમયતા નથી રહી અને રેશમને છોડીને દુનિયાના બધા દ્રવ્ય પર્યાયો વર્તમાન અવસ્થામા રેશમમયતામા નથી રહ્યા, એટલે રેશમમા રેશમમયતા અસ્તિત્વ સબંધથી રહે છે અને રેશમમા દુનિયાના બીજા દ્રવ્યોના પર્યાય નાસ્તિત્વ સબંધથી રેશમમા રહે છે રેશમમા રેશમ સ્વપર્યાય અસ્તિત્વ કહેવાય, અને રેશમમા દુનિયાના પદાર્થ પર પર્યાય આકૃતિ કહેવાય છે આમ દરેક પદાર્થમા ઘટી શકે ।

સાપેક્ષવાદ કહે છે કે ક્રિયાને બાંધવા માટે તું એમ નહીં બોલતો જીવે અનંતા ઓઘા કર્યા તો પણ ઠેકાણું પડયું નહીં, પરંતુ ભાવને લાવવા માટે તું એમ બોલજે જીવે અનંતા ઓઘા કર્યા માટે તું સાવધ થા.

જીવે દરેક જીવ સાથે દરેક સંબંધ બાંધ્યા. એ શાસ્ત્ર કથન છે એ વૈરાગ્ય માટે છે. પરંતુ જગતના જેટ પ્રાણીઓ દેખાય છે તેની સાથે મોહ કરવા માટે કથનને અપનાવતો નહી.

બાયડી ઉપરનો મોહ ઉતારવા વિચાર કરજે કે! બાયડી ભૂતકાળમાં ભગિની સ્વરૂપે હતી. માતા સ્વરૂપે હતી.

જ્ઞાની ભગવંત કહે છે કે મોહનીય કર્મની (૬૯ ઓગણ સીત્તેર કોટા કોટી ખપ્યા પછી નવકારનો પમાય છે પરંતુ સંસારમાં મોજ શોખમા પાગલ બન માટે આ વચન નથી. પરંતુ 'જીવને બહોત ગઈ અ થોડી રહી.' સમજાવવા માટે મોહનીય કર્મ ખપાવવા પુરુષાર્થ કરવા માટે આ પ્રેરણા છે બાકી તો સોળ રોટ ખાધા પછી સત્તરમી રોટલી ખાવી કઠીન છે. તેમ મો નીય કર્મની એક કોટાકોટી ખપાવવી કઠીન છે.

જ્યારે માંગ્યા વિના ન ચાલતું હોય ત્યારે વિચારવું ભગવાન ' ગર્ભાવસ્થામાં તો એકે બારી બારણા ન હ

એ ન હતો, વિદ્યાની કોટડીમા ઊંધે મસ્તકે રહ્યો
ત્યારના તો તને ઘણુ સુખ છે

માણુને પોતાના જીવનની ક્ષણિકતા વિચારવા માટે
ચાર કરી શકે છે જીવ તારૂ સાત દિવસનું આયુષ્ય છે,
ાત વારમાથી એકવારમા જ જરૂર ઉડી જવાનો છો માટે
સાવધાન બન.

એક માણસે એક માણસને પૂછ્યું કે કયા મહિનાના ૨૮
દિવસ હોય છે? ત્યારે પૂછવાવાળા માણસનો આશય ફેબ્રુઆરી
મહિનાનો હતો જવાબ આપવા વાળા માણસે જણાવ્યું
કે દરેક મહિનાના અઠ્ઠાવીસ દિવસ હોય છે ત્યા બેય ને
બોલા ચાલી થઈ! એક બીજા એક બીજાને ખોટા કહેવા
માડયા વાસ્તવિક બન્ને સાચા હતા કેમ કે જે માણસે
જવાબ આપ્યો તેનો આશય એ હતો દરેક મહિનામા
ઓછામા ઓછા અઠ્ઠાવીશ દિવસ તો હોય છે, અને પૂછવા
વાળા માણસનો આશય એ હતો કે ફેબ્રુઆરી મહિના
સિવાય કોઇ મહિનાની અઠ્ઠાવીસમી એ ક થાય તેવી તારીખ
હોતી નથી, દરેક ઇગ્યીશ મહિનાની ઓછામા ઓછી
ત્રીસ અને વધુમા વધુ એકત્રીસ તારીખ હોય છે

વૈજ્ઞાનિક આર્કિમિડીસના સિદ્ધાંત મુજબ બહાર રહેલી
વસ્તુના કરતા પાણીમા રહેલી વસ્તુનું વજન ઘટે છે
અને આધુનિક વિજ્ઞાનના કથન મુજબ ચંદ્રલોકમા વધે છે
એટલે વસ્તુનું વજન પણ સાપેક્ષ છે

એક માણુસ ચોથે માળે બેઠો છે, ચોથે માળવાળાએ નીચે રહેલા માણુસને પૂછયું જમનાદાસભાઇ કયાં છે જવાબ મળ્યો કે નીચે છે. અને ભોય તળીએ વાળા માણુસને પૂછયું જમનાદાસભાઈ કયાં છે. તો જવાબ મળ્યો કે ઉપર છે આમ દરેકની અપેક્ષાએ દરેક સાચા છે.

ખોટી ઘડીયાળ પણ દિવસના બે વાર ટાઈમ સાચો આપે છે, તેથી અમુક અપેક્ષાએ ખોટી ઘડિયાળને જોનારો સાચી માની જવાબ આપે તો તેનો ઉત્તર સાચો છે.

જુઠું બોલનાર પણ અમુક અપેક્ષાએ સાચો છે કે કેમ તો તે બાળખડી સાચી બોલે છે.

ઘડીયાળ અને કાંટો અભિન્ન પણ છે, અને ઘડિયાળ અને કાટો ભિન્ન પણ છે, ઘડિયાળ બોલીએ છીએ ત્યારે કાંટો આવી જાય છે. અને કાટો જ્યારે બોલીએ છીએ ત્યારે ઘડિયાળ આવતી નથી.

હાથમાં રહેલ છરી હોય તો ખૂની પણ હોઇ શકે છે, અને ડોકટર પણ હોઇ શકે છે, કેમ કે ઓપરેશન કરવા માટે ડોકટર છરી રાખે છ તે જીવને બચાવવા માટે, ત્યારે ખૂની રાખે છે જીવને મારવા માટે. બેય પકડાય તો એકને ન્યાયાધીશ નિર્દોષ છોડી મૂકે છે અને ખૂન કરવાવાળાને ફાંસી પણ આપે છે.

સાઈડ ઈફેક્ટ અને આફ્ટર ઈફેક્ટ

પ્રકરણ ત્રીજુ

સાપેક્ષવાદ કહે છે કે આત્માના ઉત્થાન માટે દરેક વસ્તુની સાઈડ ઈફેક્ટ અને આફ્ટર ઈફેક્ટ બેય જાણો દરેક વસ્તુની સફળતા અને બાધકતા જાણો, આરોગ્ય માટે જેમ દવા જાણવી પડે છે તેમ ખોરાકમા અપનય પનય પણ જાણવું પડે છે એટલે સાપેક્ષવાદ કહે છે મારૂ સાપેક્ષ પણ પાપને તજવા માટે છે! અને પ્રભુને ભજવા માટે છે

આજે સાપેક્ષવાદ ગયો, જીવ પોતાની પર્યાય અવસ્થા ભૂલી ગયો, ઉલટુ પર્યાય અવસ્થાને શાશ્વત અવસ્થા માની બેઠો છે પરિણામે એકવાર આ આર્ય દેશમા 'સુસ્વાગતમ્' અને વેલકમ' ઘરે ઘરે લખાતુ ત્યા આજે બારણા આગળ 'નો એ ન્ટ્રી વિધાઉટ પરમીશન'ના બોર્ડ ટાંગેલા દેખાય છે કેમકે જીવે આવા અવળા વિચાર કરીને મનને પકવી દીધુ છે તેથી જ માણસનુ આજે મન કબજમા રહ્યુ છે

અને દરેક માણસના મન ઉપર "પ્લીઝ લેટ મિ સ્લીપ" અને આરામ કરવા દોનું બોર્ડ લાગેલુ પડયું છે.

સાપેક્ષવાદ ન જાણનારો કોઈ અનીતિના પૈસા સન્માર્ગે વાપરતું હોય ત્યારે તરત ટીકા કરવા બેસી જાય છે અને કહે છે કે, કેવી રીતે કમાણો છે તે હું જાણુ છુ. પરંતુ સાપેક્ષવાદ જાણનારો આ જગ્યાએ વિચાર કરે છે કે આને વ્યભિચાર! રંગરાગ! અને મોજ મજાહમાં પૈસા ન વાપર્યા તેના કરતાં આ માણસ ઉંચો છે.

સાપેક્ષવાદ ન જાણનારો કોઇ મંદિર બધાવે તો તરત ટીકા કરવા બેસી જાય છે, અને કહે છે કે હવે તો સામ્યવાદ આવે તો સારૂં; ગરીબોને રાહત થાય. પરંતુ મંદિર બંધાવવામા કેટલા ગરીબોને રોટી મળે છે, કડીયા સુથાર બધા પોષાય છે શ્રમદાન પૂર્વક સર્વને રોટી મળી જાય છે. ભક્ત વર્ગને પ્રભુની પ્રતિમા જોઇ વૈરાગ્ય ભાવના મળે છે! અને શ્રીમંતની સંપત્તિ ઓછી થાય છે! આમ દરેક રીતમા મંદિર સર્વ ઉપયોગી છે અને ખરેખર તો સામ્યવાદ ધાર્મિક અનુષ્ઠાનો છે.

એક જણને એક ભાઈએ કીધું કે, 'સંયમી આત્મા કરતા સંસારી કદાચ વધુ ત્યાગી છે કેમકે સંયમી આત્માએ આ ભવના સુખનો ત્યાગ કર્યો છે, સંસારી આત્માએ આ ભવમા ભોગ ભોગવી પાપ બાંધી ભવોભવના સુખનો ત્યાગ કર્યો છે.'

તમારી સાચી વાત કોઇ ન માને તો તમને બહુ લાગી આવે છે, પરતુ ભગવાન મહાવીર જેવા ૩૬૩ પાખડીને ઠેકાણે નથી લાવી શકયા તો હું શુ હિસાબમા ? હું તો ભગવાન મહાવીર પાસે મગતરૂ ગણાઉ મારૂ કોઇ ન માને તે સ્વાભાવિક છે

કોઇ પણ જીવને ઉતરતાથી તેના દોષોની ક્ષમા આપો, અને તમારી ભૂલ થઇ હોય તો લઘુતાથી તમે ક્ષમા માગો

લઘુતાથી તમે ક્ષમા માગશો તો પ્રભુના મેળવશો અને પ્રભુતાથી ક્ષમા માગશો તો લઘુતા મેળવશો સ્યાદ્ વાદનું સાચુ વિજ્ઞાન એ છે કે જે નય જ્યા લાગે ત્યા તે નય લગાડવો

કોઇ માણસ ઉપર તમે દ્વેષ નહી કરતા અર્જુનમાળી જેવો સાત સાત પચેન્દ્રિય મનુષ્યની હત્યા કરનારો જો આ ભવમા મોક્ષ પામ્યો છે તો દરેક આત્મામા મહાન ગુણ છુપાએલો હોય છે તે ગુણ જોવાની આશામા તાકાત નથી તો, દોષ જોવાનો શો ? રાગ્ટ મારામા નથી

આરીસા અનેક પ્રકારના આવે છે કે, એક આરીસામા ખૂબ લાબા દેખાઓ છો, બીજામા ટુકા દેખાવડો અને ત્રીજા આરીસામા સમ દેખાવ છો અત્યથી આરીસામા તને લાબા દેખાડો, અને લઘુતા સ્વરૂપી આરિસામા તને ટુકા સામાન્ય આરીસામા તને સમલેવલ દેખાડો

આ ક્રોધી કાકા પાલીતાણાએ ગયા અને ભગવાનની શાંત મુદ્રા જોઈ તેમને ખૂબ જ આનંદ થયો....ગિરિરાજની યાત્રા સફળ માની, દાદાની યાત્રા કરી બહાર નીકળ્યા....

ત્યાં તો એક ત્યાગી મુનિ મહાત્માનો પરિચય થયો. ખાખી બંગાળી મુનિ મહાત્માએ તીર્થની સ્મૃતિ નિમિત્તે નિયમ લેવાનો આગ્રહ કર્યો, ક્રોધી કાકાને પણ તે મહાત્માના નિર્મલ વચન સાભળી ઉલ્લાસ જાગ્યો અને ક્રોધ ન કરવાનો અભિગ્રહ લીધો ...

ક્રોધી કાકા જાત્રા કરી પાછા ગામમાં આવ્યાં ત્યારે તેમના સગાવહાલાને ખુશાલી થઈ.

આગળના વખતમાં આજના જેવી ટ્રેન, મોટર ન હતી એટલે જાત્રા કરવા જતા મહિનો લાગે....અને જાત્રા કરીને આવે ત્યારે જાત્રાળુ ભાઇ પણ સગા સંબંધીને સારી પહેરામણી આપે, અને સગા સંબંધીઓ તે નિમિત્તે ગામમાં જમણ કરે....

કાકા ગામમાં આવ્યા સગા સંબંધીને પહેરામણી કરી, પછી તરત તેના ભત્રીજાએ જમણવાર કરવાનું નક્કી કર્યું....

[illegible] ભત્રીજાને ખબર પડી ગઈ કે, કાકાએ ક્રોધ ન કરવાનો અભિગ્રહ લીધો છે, એટલે ભત્રીજાને પણ કુતુહલ [illegible] કાકાના નિયમને કસોટી પર ચઢાવવાનુ નિર્ધાર્યું.

તેજ દિવસે રાતના આખા ગામમાં ઘરેઘર નોતરૂં દેવાયું પણ ભત્રીજાએ કાકાને બાકી રાખ્યા

બીજે દિવસે જમણનો ટાઈમ થયો કાકાએ ઘરવાળાને કીધું ચાલ ભત્રીજાને ત્યાં જમવા

ત્યાં તો કાકી એકદમ છંછેડાઈ ગયા 'તમે નવરા ધૂપ જેવા છો તમારામાં કાંઈ માણસાઈ છે કે નહીં? વગર આમંત્રણે જમવા જતાં શરમ નથી આવતી, શું આપણે ખાવાના ભૂખ્યા છીએ, તમારે જવું હોય તો શરમ વિનાના તમે જાવ પણ હું તો નહીં આવું'

તરત કાકાએ કાકીને સમજાવ્યું, 'આપણા નિમિત્તે જમણ છે ઘણા કામમાં દિકરો ભૂલી પણ જાય, વળી ઘરનાને આમંત્રણ શેનું હોય!' એમ સમજાવીને કાકીને કાકા જમવા લઈ ગયા

ભત્રીજાના મકાન આગળ આવતાં ભત્રીજાએ કાકાને જોયા ત્યાં પૂંઠ વાળી

તરત કાકીએ જોયું અને ક્રોધી કાકાને કીધું કે તમે તો એજ લાયકના છો જોયું ને તમારો ભત્રીજો તમારી સામે પણ જોતો નથી તમને શરમ નથી તમો તો રોટલાના ભૂખ્યા રહ્યા પૂરા તમારા અવતારમાં'

તરત ક્રોધી કાકાએ સાપદ્વાદનો ઉપયોગ કરીને કાકીને કીધું, 'આપણે મોટા માણસ, આપણે વડેલા આવવું જોઈએ,

તેના કામમાં મદદ કરવી જોઇએ, માટે આપણી ભૂલ છે જોને કેટલુ માણુસ છે? નાનો છોકરો બિચારો કેટલાને સાચવે....તુ જ કહે!

તરત કાકા અને કાકી જમવા બેઠા ત્યાં ભત્રીજાના કથન મુજબ માણુસોએ લાડુ પિરસવાને બદલે ગોળના મોટા મોટા ગાગડા પિરસ્યા....

ત્યાં તો કાકીનું મગજ નાઇન્ટી નાઇનના પાવર પર પહોંચ્યું એકદમ ઉભા થઈ ગયા....

તરત કાકાએ કીધું આપણે બધાને જમાડી ને જમવું જોઈએ, આપણે કુટુંબીના પહેલા ખાવા બેસીએ તો તેમાં બચુનો શો દોષ? આ પ્રમાણે કાકાની પ્રસન્ન મુદ્રા જોતાં ભત્રીજાની આંખમાંથી હર્ષના આસુ આવ્યાં અને તરત કાકાના પગમાં પડી માફી માગી. અને ખરેખર હૈયા હૈયા મિલ્યા, છાનીએ છાતીથી ભેટી પડયા....પરંતુ સાપેક્ષવાદથી કાકાએ જે રીતે ક્રોધ ઉપર કાબુ મેળવ્યો તેમ આપણે પણ સાપેક્ષ દૃષ્ટિથી કષાય ઉપર કાબુ મેળવી, અનવાર ઉતારીએ એજ એક અભ્યર્થના.



સમાધાન દર્શન

પ્રકરણ ચોથું

અનાદિ અનંત કાળથી જીવના પરિભ્રમણમાં જો કોઈ કારણ હોય તો જીવે જ્યાં જે નય લગાડવાનો હતો ત્યાં તે નય લગાડ્યો નહીં તે જ મુખ્ય કારણ છે તેના દ્વાર રાગદ્વેષની પરિણતી થઈ વાદવિવાદ પડ્યા, મતમતાંતરો થયા

અપેક્ષા લગાડતાં ન આવડે તો બારે ગોટો ઉઠે થાય છે કોઈ અંકશાસ્ત્રના જાણકારને પૂછવામાં આવે, કે એક માણસ પગપાળા પ્રવાસ દ્વારા આઠ કલાકમાં ૨૪ માઈલ કાપી શકે તો આઠ માણસ આઠ કલાકમાં કેટલા માઈલ કાપી શકે તરત ગણિતશાસ્ત્રીએ ૨૪ ને આઠે ભાગીને ત્રણ જવાબ આપ્યો આ જવાબ ગણિતની દ્રષ્ટિએ સાચો છે પણ તાત્વિક દ્રષ્ટિએ ખોટો છે

કેટલાક તર્કો દેખીતી દ્રષ્ટિએ સાચા લાગે છે, પરંતુ તેના ઉંડાણમાં ઉતરીએ તો જુદું જ જણાય આપણને મળેલ તુલનાત્મક દ્રષ્ટિએ વિચાર કરતાં આવડે તો તરત કોઈ પણ વસ્તુનો ઉકેલ આવી શકે ત્રણ સાચું ભાગતાં

હતા. દરેક દરેક સાધુ ભગવતો બાકીના બેયને પોતાના કરતાં મોટા માનતા હતા. ત્યાં આપણે જોઈએ તો એક સાધુ વય સ્થવિર હતા. બીજા પર્યાય સ્થવિર હતા અને ત્રીજા જ્ઞાન સ્થવિર હતા. વય સ્થવિરવાળાની ઉમ્મર ૫૫ વર્ષની હતી અને જ્ઞાન સ્થવિરવાળાની ઉંમર ૨૦ વર્ષની હતી. તેમાં વય સ્થવિરની દીક્ષા ૫૫ વર્ષે થઈ હતી પર્યાય સ્થવિરની દીક્ષા ૨૦ વર્ષે થઇ હતી અને જ્ઞાન સ્થવિરની દીક્ષા બાર વર્ષે થઇ હતી. જ્ઞાન સ્થવિર વય અને પર્યાયની દૃષ્ટિએ નાના હતા. પર્યાય સ્થવિર વય અને જ્ઞાનની દૃષ્ટિએ નાના હતા. વય સ્થવિર પર્યાય જ્ઞાનની દૃષ્ટિએ નાના હતા.

એક રૂમમાં અનેક રંગોનું ચિત્ર બનાવેલું હોય તેમાં એક જણ કહે છે કે લાલ રંગ છે બીજો કહે લીલો રંગ છે, ત્રીજો કહે ધોળો રંગ છે તો દરેકની વાત સત્ય છે પણ કોઇ કહે અહીં રંગ લાલ જ છે બીજો રંગ નથી તો તે ખોટો છે, પણ તે કહે અહીં લાલ રંગ પણ છે તે રીતે સાતે નયને જાણનારા જે નયની અપેક્ષાએ વાત કરતા હોય તે નયની અપેક્ષાએ સાચા છે. એમ દરેક દર્શનકાર તે તે નયની અપેક્ષાએ સાચા છે. પરંતુ દુઃખની વાત છે એકજ નયને જેવો પકડી બેસે છે તે શી રીતે ક્ષમા કરી શકાય?

જૈન દર્શનમાં સાતે નયનું પ્રતિપાદન છે. સાતે નયો કરીને તેને સમસ્ત દર્શન કરાવી આપ્યાં છે. તેને ખોટું

કીધુ નથી હા, જરૂર, તેના એકાન્ત આગ્રહને તો ખોટો કીધો છે

સ્યાદ્વાદ એ ગુંચળીવાદ નથી ...પણ અપેક્ષાવાદ છે એ અપેક્ષાથી દરેક વસ્તુ ઘટી જાય છે હિન્દુસ્તાનમા જ્યારે રાત હોય છે, ત્યારે અમેરિકામા દિવસ હોય છે જ્યારે હિન્દુસ્તાનવાળા અમેરિકાવાળાને ટેલીફોન કરતી વખતે 'ગુડમોર્નીંગ' કહે છે ત્યારે અમેરિકાવાળા હિન્દુસ્તાનવાળાને 'ગુડનાઈટ' કહે છે તે રીતે દરેક દર્શનોની વિરોધી વાત પણ મળી શકે છે

દરેક દર્શનકારોએ તે તે જીવોના આધ્યાત્મિક વિકાસને નજરમા રાખીને કરી હતી પણ તેઓની વાત એકાંત જે પકડાઈ છે તે ખોટી છે

યોગ્ય સાખ્યદર્શનના મતે જે પુરુષ છે ન્યાય વૈશેષિક વેદાંતમા આત્મા તરીકે સબોધન કરાય છે અને જૈન દર્શને જેને જીવ તરીકે વર્ણવેલ છે, નાસ્તિક આત્મા તે સ્વીકારતા નથી

નાસ્તિક ચાર્વાકના મતે આત્મા નથી, તેમ તેઓ ભોગવિલાસમા મગ્ન થવાનુ કહે છે મળેલી સામગ્રી ફરી મળવાની નથી માટે ખાઈ લો ત્યારે જૈન દર્શન કહે છે મળેલો ભવ ફરી આવવાનો નથી માટે આરાધના કરી લો આમ મળેલી વસ્તુનો ઉપયોગ કરવાનુ બન્ને દર્શન પ્રતિ

પાદન કરે છે. ચાર્વાક લોકો કહે ‘સારી વસ્તુ મળેલ હોય તેને ભોગવ્યા વિના છોડી દેવી તે તો હથેલીમાં રહેલા પદાર્થને છોડીને કોણી ચાટવા જેવું છે, આપણે જીવ માનીને દુઃખી થઈએ છીએ વાસ્તવિક જીવ જેવી વસ્તુ નથી, માટે સ્વાર્થભ્રંશ થવુ તે તો નરી મૂર્ખતા છે, જીવ, પરમાત્મા ખર શૃંગ જેવી વસ્તુ છે.

જૈન દર્શન કહે છે, ‘ચૈતન્ય જેવી વસ્તુ નથી. તો માણસ મરી ગયા પછી ચૈતન્ય કેમ જણાતું નથી. શરીર તો તેનું તે જ છે. માણસ મરી ગયા પછી રોગ પણ હેરાન કરતો નથી તે હિસાબે શરીર તો વધારે સ્ફુર્તિવાળું જણાવવુ જોઈએ તેથી નાસ્તિક તૂટી જાય છે.

બીજુ નાસ્તિકો કહે છે ‘આત્મા માની શરીર સૂકવી નાખવું, તેના જેવુ કોઈ નિર્દયપણુ નથી. પણ તેની વાત [illegible] છે અંધ માણસ જે આંધળાને કુવામાં નાખે તેવું છે. બાળકને ખણજવું થયું હોય અને તેને પાટા બાંધી દેનાર મા જેમ હિતેચ્છી છે તેમ આત્માને બતાવીને દેખાવમાં રમ્ય પણ પરિણામે કિંપાક ફળ જેવા વિષયો [illegible] સ્વાર્થી નથી પરંતુ પોષણ કરનાર જનેતા છે. [illegible] કરનાર પિતા છે, પ્રસન્ન કરનાર મિત્ર છે, સ્નેહ [illegible] છે.

નાસ્તિક જે પંચ ભૂતનો બનેલો આત્મા કહે છે તે [illegible] છે બૌદ્ધો ક્ષણિકવાદ માને છે તે

'સર્વમ્ ક્ષણિકમ્' કહે છે, એ વાત અપેક્ષાએ સાચી છે જુઓ સર્વ જડ પદાર્થ ક્ષણિક છે સર્વ પર્યાયો ક્ષણિક છે તે વાત સમજવા માટે છે પણ આત્મા સર્વ દષ્ટિએ ક્ષણિક છે એ જે માન્યતા છે તે ખોટી છે ક્ષણિક વિજ્ઞાન કહે છે એમ જો માનીએ તો હિંસા જેવી વસ્તુ ઘટી શકે નહી કેમકે સર્વ ક્ષણિક છે

એક માણસ અનુષ્ઠાન કરે છે બીજી ક્ષણે તો તે કરતો નથી એટલે અનુષ્ઠાનના ફળ માટે કરાતી આરાધનાની જરૂર રહેતી નથી

વ્યાપારમા એક માણસ સોદો કરે છે મહિના પછી તેની લેવડ દેવડ કરતા પ્રત્યક્ષ જોઈએ છે એટલે આત્મા ક્ષણિક છે વસ્તુ માની શકાય તેવી નથી એક માણસના કરેલા કર્મને બીજાએ ભોગવવુ પડે એટલે મોટા દોષો આવીને ઉભા રહે છે

પાણી તરસ છીપાવે છે એ વાત સાચી છે, પરન્તુ જલદરવાળાને પાણી તરસ છીપાવતુ નથી ત્યા એનો અપવાદ સ્યાદ્વાદની શૈલીથી સમજી લેવો જોઈએ તે પ્રમાણે 'સર્વમ્ ક્ષણિકમ' તેમા આત્મા મોક્ષની, બાદબાકી કરવી પડે જૈન દર્શનની આ વાતમા બીજા દર્શન પણ સમ્મત થાય છે

વરનો વટેરો દરેક છોકરાની વત સાચવે છે અને બધાને સરખો ન્યાય આપે છે તે રીતે શાસ્ત્રદેવ વિના જૈન

દર્શન દરેક દર્શનની વાત સાંભળે છે ન્યાય આપે છે અને માન્ય પણ કરે છે. અપેક્ષાથી વસ્તુ સ્વીકારવામાં વાંધો રહેતો નથી તેમ કહે છે.

હવે વેદાંત દર્શન એક આત્મા માને છે બધાની અંદર એકજ પરમાત્માનો આત્મા વર્તી રહ્યો છે. હવે એક જ આત્મા માનીએ તેના કરતા બધા આત્માનું એક જ સ્વરૂપ છે તેવુ માનવામાં જૈન દર્શન પોતાનો સાથ આપે છે. વેદાંતની એક જ આત્માની માન્યતામાં કહેવાનો ફલિતાર્થ એકજ છે બધા જીવનું એક સ્વરૂપ હોવાથી દરેક જીવ સાથે મૈત્રી રાખો. જેવુ તમને દુઃખ થાય છે તેવું બીજાને પણ દુઃખ થાય છે. એટલે સર્વ જીવ સાથે મૈત્રી રાખો. કોઈપણ વાત કોઇ અપેક્ષાએ ઘટી શકે છે

જગતમાં વિદ્યાઓ અનેક પ્રકારની છે. એક માણસ ડાક્ટર હતો, તેને કોઈએ આવીને કહ્યુ, 'તમે ઢબુના ઢ જેવા છો.' પેલો ડાક્ટર ચીડાઇ ગયો. અને કહ્યું, મારે ત્યાં તો દવા લેવા માટે માણસોની ગીરદી થાય છે અને તમે મને ઢબુના ઢ કહો છો તે કેમ ચાલે? ડાક્ટર ખુબ ચીડાઈ ગયો. સામેના માણસે જવાબ આપતાં કહ્યુ કે, 'તમે ડાક્ટરની અપેક્ષાએ તો વિદ્વાન છો પરંતુ વકીલાતના જ્ઞાનની અપેક્ષાએ તમે તો ઢબુના ઢ ખરા કે નહીં?' ડાક્ટરે તરત કાનપટ્ટી પકડીને, 'ભાઈ તારી વાત સાચી....' તેમ આપણે દુનિયાની કોઈ વાતો પ્રતિકૂળ સાંભળીએ ત્યારે

જો આપણે અપેક્ષાએ સમજીએ તો આપણે આપણા કષાયો ઉપર જરૂર કાબુ મેળવી શકીએ

જૈન શાસને એક વસ્તુમા વિરોધી ધર્મ બતાવીને સાબિત કરી આપ્યું છે કે તમે કોઈ પણ વસ્તુ ઉપર મમત કે દ્વેષ ન રાખો સસારનુ દુ ખ પણ વિનાશી છે અને સુખ પણ વિનાશી છે તેના દ્વારા તમારા અભિમાન અને દીનતા ખલાસ થઈ જશે

જે વસ્તુ વધારે તે વસ્તુ ઉચી તેમ દુનિયાનો કોઈ પણ મનુસ કહી નહી શકે દુનિયામા ડહ્યા માણસો ઓછા હોય છે તેથી બેવકૂફોની કિમત વધારે ગણાય ખરી? જગતમા ઉચા હીરા ઓછા હોય છે તેથી ઝવેરાતની દુકાનમા પુખરાજની કિમત થોડી વધી જાય છે આ જગતમા દૃશ્યમાન એ સૂર્ય એ ચદ્ર છે માટે કોઈ કિમત નથી તેમ કોણ કહી શકે? માટે વસ્તુની કિમત સમજતા પહેલા વિવેકની જરૂર છે તે રીતે વેદાન દર્શનની માન્યતા અનુસાર આત્માને સમજવાની જરૂર છે

નાનો બાળક લાકડીને ઘોડો કહે છે, તે પણ સાચી વાત છે તેમ મનુસ લાકડીને લાકડી કહે છે તે પણ સાચી વાત છે

કોઈનો એક દરદી જુદા જુદ ડોક્ટરને બતાવતા જુદા જુદા અભિપ્રાયો મળે છે, તેમા નાના ડૉક્ટર કરતા આપણે

મોટા ડોકટરની વાત માન્ય રાખીએ છીએ. મોટા ડોકટર કરતા સરજન અને અનુભવીની વાત માન્ય રાખીએ છીએ. દરેકની પરીક્ષામાં ફેર હોવાથી વસ્તુ બદલાઈ જતી નથી. તે રીતે જે સત્ય હોય તેને જગત જાણે ને જુદી જુદી કલ્પના કરે તેથી સત્ય બદલાઈ જતુ નથી, તેવી રીતે ધર્મને કોઇ અધર્મ કહે અથવા તો અધર્મને કોઇ ધર્મ કહે તેથી શુ અધર્મ ધર્મ સ્વરૂપે બની જાય ખરો?



અપેક્ષા સમજો

પ્રકરણ પાંચ

પરિસ્થિતિ બદલાતા પર્યાય બદલાય છે તેનો વ્યવહાર પણ બદલાય છે તેથી તેનામા જે વ્યક્તિત્વ હોય છે તે મરી જતુ નથી ગુરુએ કોને દીક્ષા આપી, તેનુ નામ પણ બદલાયુ ત્યારથી તેનો આત્મા બદલાયો તેવુ નથી આત્મા તો તેનો તે જ રહે છે છતા પૂર્વ અવસ્થાનુ નામ બોલાતુ નથી

આ પાટ લાવો જો કે એ પાટ લાકડાની બનેલી હોય છે છતા લાકડુ લાવો તેવુ બોલાતુ નથી એકને એક બજારના ભાવ એકને રડાવે છે અને બીજાને હસાવે છે એકને એક કથામા અનેક રસ હોય છે એ જ લોખંડની સોય સાંધી આપે છે અને એજ લોખંડની બનેલ 'છરી' કટકા કરી આપે છે લોખંડ તો એક જ છે છતા કામ જુદા લીમડાના વૃક્ષ ઉનાળામા ઠંડક આપે જ્યારે શિયાળામા એ વૃક્ષ ઉષ્ણતા આપે છે વૃક્ષ એક જ, છતા કાળ પલટાતા તેમા ફેરફાર થાય છે

સ્યાદ્‌વાદ સમજવા અનેક દૃષ્ટાંતો વ્યવહારમાં બનતા રહે છે. એક શબ્દના અનેક અર્થ બને છે કોઈપણ વાત ચાલતી હોય તેને અટકાવવા 'બસ એવો શબ્દ વપરાય છે. હવે (Bus નો અર્થ બેસવાની મોટર એવો પણ થાય છે.

જીદ એ દુર્ગુણ છે છતાયે માસ્તર બાળકને ખોટો હિસાબ સુધરાવવા માટેની જીદ કરે તો તે વાસ્તાવિક માસ્તરનો ગુણ છે. એક ને એક વસ્તુ ગુણ અને દુર્ગુણ તરીકે પણ થઈ શકે છે. જેની યાદશક્તિ વ્યવહારમાં ઓછી હોય છે તેને પણ પોતાની રસવાળી વસ્તુ યાદ રહે છે. માટે દરેક વસ્તુમાં સ્યાદ્વાદ લાગે છે જેમ કે એક માણ-મને ભણેલું યાદ આવતુ નથી પણ તેની પાસેથી જ તમે રૂ. ૧૦૦ ઉછીના લ્યો અને તેને તમે આપવાના ભૂલી જશો તો જરૂર તે યાદ કરી લઈ તમારી પાસે માંગી લેશે.

જૈન-શાસનનો સ્યાદ્ શબ્દ એજ શીખવાડે છે કે 'કથચિત્' અથવા તો અપેક્ષા એવો થયો છે. તેથી કોઈ વાક્યને ખોટું કરી શકાતુ નથી. એક સાધુ ભગવંતને પૂછ્યું કે, પેટલાદ ગામ કેવું છે? મોટું છે! નાનું છે! તરત જ કહેશે કે. વસ્તીની અપેક્ષાએ વીશ હજાર માણસનું છે જૈન-વસ્તીની અપેક્ષાએ ૭૦ ઘરનું છે.

આંખથી દેખાય છે. તે વાત પણ સાચી છે. તેમ આંખ વિના દેખાય છે તે વાત પણ સાચી છે. આંખથી

જેમ જગત દેખાય છે તેમ આખ વિના સ્વપ્નમા પણ દેખાય છે એકને એક વસ્તુમા વિરોધી ધર્મ શી રીતે રહે છે? તે આના ઉપરથી પણ સમજી શકાય તેમ છે સત્ તે વસ્તુ અસત્ કેવી રીતે અને અસત્ તે સત્ વસ્તુ કેવી રીતે તે વાત સમજવી સહેલી છે

મનોજે શૈલેશને પૂછયુ કે તમારા કાકાનુ સગપણ કોની સાથે થયુ છે? તરત શૈલેશ સમજુ હતો તુરત જવાબ આપ્યો કે 'મારા કાકાનુ સગપણ ફૈરા સાથે થયુ છે તેની વાત જાણી મનોજ ગુસ્સે થઈ ગયો ને બોલ્યો કે 'તો શુ કોઈને પુરુષ સાથે પરણેલ જોયેલ છે? તરત શૈલેશ બોલી ઉઠ્યો કે, 'મારી મામી (મારા મામા) પુરુષ સાથે પરણેલ છે' આવા અનેક દૃષ્ટાન્તો જોવા મળે છે

મુખમા જે માગો તે વેચાતુ મળે છે તે વાત સાચી છે પણ મા-બાપ વેચાતા મળતા નથી તે વાત પણ સાચી છે

સ્યાદ્વાદ શીખવાડે છે કે જ્યા જે અંશ ઘટતો હોય ત્યા ત્યા તે અંશ ઘટાડવો કોઈ માણસ વાત કરતા કહે છે કે, 'આ અંગનુ' માત્ર છે સ્યાદ્વાદ ન સમજનારો વિચારે કે અંગો તો સહુને હોય છ, એમા આને નવુ શુ કહ્યુ' અથવા શું અંગનુ બનેલુ માત્ર છે? એટલે શરીર વિનાના એકલા અંગોનુ બનેલુ છે? આ તુરત ત્યા સમજનારો માણસ સમજે કે અંગ એટલે વિદ્યાનુપાત્ર'

માણસ કહેવું છે. એમ વ્યવહાર પણ સ્યાદ્વાદથી ચાલે છે. તેની કળ આવડે તો પ્રત્યેક વાતો અને શબ્દોમા સ્યાદ્વાદ દેખાય. કોઇ કહે આને 'અંગ તોડીને કામ કર્યું છે.' અને પછી તમે તેના અંગો જોવા જશો તો તમામ અંગો સાજા દેખાશે. અને પછી પેલા કહેનાર માણસ ઉપર ગુસ્સે થઈને કહો કે એ ય આના અંગ તો બધાય સાજા દેખાય છે. જુઠું કેમ બોલો છો? ત્યારે સામેનો કહે કે 'ભલા માણસ! અંગ તોડીને કામ કર્યું એટલે રાત-દિવસ શરીરની પરવા કર્યા વિના કામ કર્યું છે.' આવી રીતે આપણા અંગોમાં ય સ્યાદ્વાદ ભરેલો છે કોઈ કહે 'આને અંગ વધારી જાણ્યું છે,' તેનો અર્થ તેનો અર્થ 'તે પુષ્ટ થયો છે તેમ નહિ પણ તે 'પ્રમાદી છે' તેમ લેવાનુ છે.

એકની એક વસ્તુનાં અનેક અર્થો થાય છે, પણ જ્યા જે વસ્તુ ઘટે ત્યાં તે વસ્તુ ઘટાવીએ નહિ તો અંધારપટ થઈ જાય, કોઈના ઘરે તમે મહેમાન બનીને જાઓ અને તે માનને કહે, 'અહીં તો ઘર જેવું છે, રહી જાઓને! એમ સમજી પેલા ઘરમાંની તીજોરીની ચાવી લઈ [illegible] કે દાગીના લઈ જાય તો તમાચા ખાય ને? માટે સ્યાદ્વાદ તો બહુ બહોળો છે. જેમ વ્યવહારમાં સ્યાદ્વાદ સહજપણે ભળી ગયો છે. તે રીતે કષાય ઉપર કાબુ મેળવવા માટે સ્યાદ્વાદ આવડી જાય તો ઘણુ કામ થઈ જાય.

ભગવાન'નું પૂજન દેરાસરમાં થાય તો 'તુષ્ટિ-પુષ્ટિ'

કર છે ને જ નવગ્રહનું પૂજન જો શિવના મંદિરમાં થાય તો ગામનો નાશ થઈ જાય એની એક વસ્તુ જ્યાં લગાડવાની હોય ત્યાં જ લગાડવી જોઈએ જૈન દેરાસરમાં ૧૦૦૮ થાળવા લાભ કરે છે ત્યારે શિવના મંદિરમાં હોય તો નુકસાન કરનાર છે એમ વાસ્તુશાસ્ત્રમાં લખ્યું છે અનેક વસ્તુમાં વાપરવાના ભેદ છે ગુરુ શિષ્યને ભૂલનો ઠપકો આપે, 'કેમ ભૂલ થઈ?' આમ કહીને આમ થઈ તે રીતે ભૂલ કહીને શિષ્ય બતાવે તો તે ઉચિત ગણાય છે એક પિતાએ પુત્રને પૂછ્યું કે દૂધ કેમ ઢોળાઈ ગયું? ત્યારે પુત્રે પિતાને ફરીથી દૂધ ઢોળીને બતાવ્યું કે આ રીતે ફરીને આમ ઢોળ્યું ત્યાં કહેવાનું તાત્પર્ય એ છે - વિનય સાચવવામાં ય સ્યાદ્વાદની જરૂર છે કોઈને આગળ વાત કરતાં કહીએ કે 'તારા હાથમાં કંઈ નથી' ત્યાં જો ચતુર હોય તો કહે કે 'તારા હાથમાં મત તો છે જ' આમ અનેક અપમા સ્યાદ્વાદથી સમજાય છે સ્યાદ્વાદ સમજવા જેવો છે કે

નાનું અને શાશ્વત સુખ મેળવવાના માટે આત્માના ગુણ વિકાસ મેળવતા નથી તો પછી જીવનના મૂળ ધ્યેયમાં શરીરના ભાગે આત્માને નાખવા જેવો છે ઇન્દ્રના પ્રધાન મંડળમાં આમાં નિર્ણય કરે જ દેખાવું જોઈએ નહિ અને આ ધ્યાન આવી જાય તો તે નાનની કોઈ તાનથી તેને દુઃખ આપી શકતી નથી ફક્ત અપેક્ષા બદલાવાની છે

આ નાના ગુણો મેળવવા માટે મોટી આપત્તિ આવે એ આપત્તિ દેખાતી નથી જેમ ગાડા જેવા કેન્દ્ર બિન્દુમાં હોય છે એ પોતાને કાજે જીવન ટોળાના ખેલ લડાવે

સંસારનું સુખ

સંસારમા અને સંસારના પદાર્થોમાં સુખનો અંશ નથી. સં...
રમાં સુખ મેળવવુ એ રેત ન મૂતોન ભવિષ્યતિ.

ત્યારે સંસારમા જે સુખનો અનુભવ થાય છે, તે સુખ નથી પ...
સુખાભાસ છે નાનો બાળક પથ્થરને રત્ન માને છે તેમ આજે સંસારી
જીવો, સંસારના દુ:ખને સુખ મને છે

સંસારની સામગ્રીમા સુખ મળતું હોય તો તે પદાર્થમા સર્વ...
સુખ મળવું જોઈએ

રત્નનો પ્રકાશ ગમે તે વખતે ગમે ત્યારે એવો ને એવો જ મ...
છે એજ રીતે આત્માના ગુણ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં આનંદ સદા
કાળ મળી શકે છે

માથાનો દુખાવો થાય અને એસ્પ્રોની ગોળી લીધી, માથાનો
દુખાવો ઉતરી જાય છે પરંતુ તે ગોળી એકી સાથે પાચ લેવામા આ...
તો માણસ સુખના બદલે દુખનો અનુભવ કરે છે એજ જણાવે
છે, સંસારની સામગ્રી સુખ આપતી નથી

બીજી બાજુ પ્રત્યક્ષ દેખાય છે કે માથાનો દુખાવો થતા એસ્પ્રો
લેવાથી દુખાવો મટી જાય છે પરંતુ એ જે દુખાવો મટે છે ..તે અનુ
ભવાય છે એ વસ્તુ પોતાની નબળાઈના અભાવથી થાય છે એરવાળાને
લીમડો મીઠો લાગે છે એમા લીમડાના ગુણધર્મ મિઠાશ કે સ્વાદવા...
...તા નથી, પરંતુ એ મિઠાશ તો એના લીધે જ અનુભવાય

પાણી હંમેશા ઠારનાર છે છતાયે પાણી જો બાળે તો સમજવું
તેના ગુણો બળેલો છે બસ એમ સંસાર દુખ આપનાર છે પર...
તેમા સુખ જેટલું અનુભવાય છે એ બીજા જ કારણે સમજવું જોઈએ
એનુ કારણ એ છે કે મોહનું તેમા ઝેર છે

સંસારનું સુખ એ કલ્પનાને આધીન છે કલ્પના જ્યાં ઉઠી ...
સુખ ત્યાં પણ એમ સમજવું.

...નિરંતર પુરાણ પરોવીને દરેકાં આનંદ આપે છે તે
...આનંદ આપણો ... નથી કારણ કે તેમાંથી કલ્પના ઉ...
... તેમા ... એના એજ પુરાણમા છુપાયેલું છુ...
...
... સ્વપ્નમા માણેલું સુખ કોઈ કામ આપતુ
... નથી અને કોઈના કામમા આવી શકતું

ફલિતાર્થ કાઢો

પ્રકરણ ૭૬

વ્યક્તિગત આત્મા જુદા જુદા છે જૈનની આ માન્યતામા સાખ્યદર્શન સમત થાય છે જો વ્યક્તિગત જુદા જુદા આત્માને એક માનીએ તો એકના ઓપરેશનમા સર્વને ઓપરેશનના દુખની વ્યાધિ થવી જોઇએ એકની કમાણીમા સર્વને કમાણીનો આનદ થવો જોઇએ એટલે અલગત્ત કોઇને વેપારમા ખોટ જ ન આવે એક પરમાત્મા છે તો આપણે બધા પરમાત્માની સ્વરૂપ અવસ્થાનુ ભાન અનુભવવુ જોઇએ માટે એક જ આત્માને માનવો તે યુક્તિથી બેસતુ નથી એકને એક સજ્ઞામા અનેક ધર્મ રહેલા હોય છે જેમ અપેક્ષાએ એકની કિંમત બીલકુલ ઓછી છે અપેક્ષાએ એકની કિમત વધારે પણ છે, જ્ઞાતિ ઓના જુદા જુદા સમૂહને એકડો કહેવાય છે તેનુ મહત્વ ખૂબ છે એકડો એટલે અમુક જાતિનુ કુળ, એ એકડો, જ્ઞાતિનુ બળ સૂચવે છે હવે કોઇને કહીએ કે, એક આખે શુ જુવે છે ત્યા તેને તુચ્છકારમા બોલાવાય છે હવે બધા એક મત છે ત્યા એકનુ મહત્વ વધી જાય છે આમ સામાન્ય અને

વિશેષ ધર્મ તો એક વસ્તુમાં જ નહીં પણ એક સંજ્ઞામાં પણ રહે છે.

એમ આત્મા એક છે. એનો સામાન્ય અને વિશેષ ધર્મ ફલિત તરીકે કાઢતાં આવડે તો જ ઠેકાણું પડે.

સાંખ્ય કર્તૃત્વ ભોકતૃત્વ વિષયમાં આત્માને જડની જેમ સાવ એકાંતે નિર્લેપ માને છે, જોકે આ વાતનો ફલિતાર્થ એ છે કે સુખ દુઃખની સામગ્રીમાં ભાવનાથી જીવને ભાવિત કરવાનો છે ઈષ્ટ કે અનિષ્ટ જડ પદાર્થોમાં આત્મા લેપાય નહીં તે માટે આ સૂત્ર છે.

